**અનસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ શરૂ કરવા તથા ધોરણ-૯ થી ૧૨ સળંગ એકમ કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૦૨૦૧૧-ન.બા.૨૨-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૬/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૦૨૦૧૦-ન.બા.૧૮-ગ, તા.૨૩-૫-૨૦૧૧.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રઃ અજાક- ગ.૧- ૨૦૧૧-૧૨-૮૪૮૭-૮૮, તા.૨૨-૧૧-૨૦૧૧

ઠ રા વઃ

અનુસૂચિત જાતિ માટેની આદર્શ નિવાસી શાળાઓમાં કુમાર / કન્યા અભ્યાસ કરે છે. સરકાર ધ્વારા ધોરણ-૮ ને પ્રાથમિક શાળામાં તબદીલ કરવાનો નિર્ણય લીધેલ છે. આથી હવે આદર્શ નિવાસી શાળાઓમાં પણ ધોરણ-૮ ને બદલે ૯ થી પ્રવેશ આપવાનો થાય છે. ઉપર આમુખ- ૧ માં જણાવેલ ઠરાવથી ૧૧(અગિયાર) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ નો વર્ગ શરૂ કરવામાં આવેલ હતો. બાકી રહેતી ૮(આઠ) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૮ થી ૧૦ ને બદલે ધોરણ-૯ થી ૧૨ નું સળંગ એકમ શરૂ કરવા માટે ધોરણ-૧૧નો સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૨-૧૩ માં ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહનો વર્ગ શરુ કરવા માટે રૂ.૪.૮૦ લાખની વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટમાં નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. જે ૮(આઠ) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ શરૂ કરવાનો થાય છે તે નીચે મુજબ છે.

(૧) જુનાગઢ (૨) રાંજકોટ (૩) પોરબંદર (૪) અમદાવાદ (૫) ગાંધીનગર (૬) પાલનપુર (૭) અમરેલી (૮) જામનગર

પુખ્ત વિચારણાને અંતે ઉપરોકત આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ શરૂ કરવાની રૂ.૪.૮૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોએ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૮ નો વર્ગ બંધ થતાં તે અંગેના શિક્ષકોને નવી ઉભી થતી ખાલી જગ્યા સામે સમાવવાના રહેશે. રૂ.૯.૬૦ લાખની જોગવાઇ સામે રૂ.૪.૮૦ લાખ બાદ બાકી રહેતી રકમ અન્ય હેતુ માટે ન વાપરતાં સરન્ડર કરવાની શરતે શિક્ષક વર્ગ-૩ ની ૪ (ચાર) જગ્યાઓ ઉભી કરવા સૈધ્ધાંતિક અનુમતિ આપવામાં આવે છે.

(૨) ફાજલ પડેલ શિક્ષકો તેમાં સમાવવાના રહેશે. અને ધોરણ-૧૧ માં મળવાપાત્ર શિક્ષકની ગણતરી કરી ક્રમશઃ ખાલી પડતી જગ્યાઓ જેમ ખાલી પડે તેમ રદ કરવાની રહેશે.

(૩) શિક્ષક વર્ગ -૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬, તા.૧-૮-૨૦૦૬ તથા તા.૨૯-૪-૨૦૧૦ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૬-૨૦૦૯ તથા તા.૧૦-૫-૨૦૧૦ ઠરાવની જોગવાઇ પ્રમાણે ભરવાની રહેશે. જો આ જગ્યાઓ સીધી ભરતીના ફાળે આવતી હોય તો તાજેતરમાં નામ.ગુજરાત હાઇકોર્ટે આપેલ ચુકાદા અન્વયે આ જગ્યાઓ ભરતા પહેલાં નાણાં વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદજ ભરવાની રહેશે.

(૪) સીધી ભરતી / બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી / બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજુરી આપવામાં આવે છે.

(૫) સીધી ભરતીથી નિમણુંક પામતા ઉમેદવારોને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન- ૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તા.૨૭-૯-૨૦૦૬ ના પરિપત્ર ક્રમાકઃ નપન-૨૦૦૩-જીઓઆઇ.૧૦(પાર્ટ.ફા.)-પી. ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

(૬) જે તે જગ્યાના પગારધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૭) આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રીમતા આપવાની રહેશે. તથા અનામતનુ ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે જોવાનુ રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો / નિતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૦) રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત નિયત કરવામાં આવેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૨ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે. તથા નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં બજેટ જોગવાઇને આધીન ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) આ જગ્યાઓ તા.૨૮-૨-૨૦૧૩ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ આ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો આ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાંકીય સલાહકારશ્રીને રજુ કરીને મંજુરી મેળવવાની રહેશે.

(૧૩) આ ૪(ચાર) શિક્ષકની જગ્યાઓ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ પે ૪૪૦૦/-) ના પે બેન્ડમાં ઉભી કરવાની મંજુરી આપવામાં આવે છે.

(૧૪) આ જગ્યાઓ જો સીધી ભરતીથી ભરવાની થતી હોય તો તાજેતરમાં તા.૨૦-૧-૨૦૧૨ના રોજ રાજય સરકારની ફીકસ પગારના ધોરણે સીધી ભરતીથી જગ્યાઓ ભરવાની નીતી સંદર્ભે આપવામાં આવેલ ચુકાદો ધ્યાને લેતાં સીધી ભરતીથી જગ્યાઓ ભરતાં પહેલાં નાણા વિભાગની મંજુરી મેળવ્યા બાદ અને નાણા વિભાગની મંજુરી અનુસાર જગ્યાઓ ભરવાની રહેશે.

(૧૫) સાધન સામગ્રી અને નવા ફર્નિચરની ખરીદી નાણા વિભાગની તા.૧૨-૨-૨૦૦૭ ઠરાવની જોગવાઇ અનુસાર તથા સરકારે નકકી કરેલ નીતિનિયમો અંતર્ગતની જોગવાઇ ની મર્યાદામાં સરકાર માન્ય પધ્ધતિથી કરકસરયુકત રીતે જરૂરીયાત મુજબની ખરીદી ફાળવાયેલ રકમની મર્યામાં કરવાની રહેશે.

(૧૬) સાધન સામગ્રી / ફર્નિચર અને અન્ય ખરીદી બેવડાય નહિ તેની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે તકેદારી રાખવાની રહેશે. અને તે અંગેની નોંધ ડેડસ્ટોક રજીસ્ટરમાં રાખવાની રહેશે.

(૧૭) વર્ષના આખરે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે. બચત રહેતી રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

(૧૮) વર્ગ-૪ ની જગ્યાઓ અલગથી મંજુર / ઉભી ન કરતા આ જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૪-૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ અનુસાર આઉટસોર્સથી ભરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ મુખ્ય સદર –૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ- પેટા સદર-૦૧- અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ ગૌણ સદર- ૨૭૭- શિક્ષણ- બીસીકે-૨૮-અનુસૂચિત જાતિ પેટા યોજના મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓ હેઠળ કરેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૪-૨૦૧૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(શ્રીમતિ એસ.આર.ભુરીયા)**
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત,(નિયામકશ્રી મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (નિયામકશ્રી મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઇલ.